
દાદા ભગવાન પરિવારનું

નવેમ્બર ૨૦૨૧

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



## મા, માંગુ હું એવી શક્તિ જીવન જીવું નિતીથી...



# મા લક્ષ્મી



## સંપાદકીય

મિત્રો,

બધાને હેપ્પી દીવાળી અને હેપ્પી ન્યુ યર ! તમે સહુએ આ દીવાળીમાં ભરપટ્ટે મોજમજા કરી હશે અને સ્વાદિષ્ટ મીઠાઈઓની લિજ્જત પણ માણી હશે. ધનતેરસના દિવસે મમ્મી-પપ્પા અને ઘરના વડીલો સાથે મળીને રિવાજ પ્રમાણે લક્ષ્મી માની પૂજા પણ કરી હશે. પણ શું લક્ષ્મી મા ફક્ત ધનતેરસના પૂજનથી ખુશ થાય ? કે પછી એમને રાજી કરવાનું કોઈ અન્ય રહસ્ય પણ છે ?

આ અંકમાં સમજીએ કે લક્ષ્મીજી કોના ઉપર રાજી રહે અને કોના પર નહીં. મન-વચન-કાયાની ચોરીઓનું શું ફળ આવે ? કોને ઢગલેબંધ પૈસા સામે ચાલીને મળે ? તો ચાલો, આવી ઘણી બધી ઈન્ટરેસ્ટીંગ વાતોના ફોડ ઉપરાંત આ અંકમાં નિસર્ગની રહસ્યમય સફર કન્ટિન્યૂ કરીશું, દીવાળી સ્પેશિયલ રેસિપિ અને એક્ટિવિટિ સેકશનમાં ડિટેક્ટિવ બનીને કેસ સોલ્વ કરવાનો ચાન્સ પણ મેળવીશું. તો તૈયાર ?

– ડિમ્પલ મહેતા




વર્ષ : ૧૪, અંક : ૩
સળંગ અંક : ૧૫૯
નવેમ્બર ૨૦૨૧



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : ૯૩૨૮૬૬૧૧૬૬/૭૭
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Multiprint
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.




© 2021, Dada Bhagwan Foundation
All Rights Reserved



અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# જ્ઞાનીઓ કહે છે...




પ્રશ્નકર્તા : લક્ષ્મીજીના કાયદા શા છે ?

દાદાશ્રી : લક્ષ્મીદેવી કહે હું રાજી કોની ઉપર રહું ? મારા કાયદા પાળે તેના પર. મનથી, વાણીથી, વર્તનથી ત્રણેયથી ચોરી ના હોય તો લક્ષ્મીજી બહુ ખુશ હોય.


પ્રશ્નકર્તા : મનથી, વાણીથી અને વર્તનથી ચોરી એટલે શું ?

પૂજ્યશ્રી : મનથી ચોરી એટલે શું ? આપણી બહેનપણી સરસ પર્સ લાવી હોય સ્કૂલમાં અને એની પર્સમાં આપણે જોયું કે કોઈ સરસ વસ્તુ છે, સરસ બોલપેન છે, તો મનમાં એવું થાય, "કોઈ જોતું નથી. ચાલ, હું લઈ લઉં." મનથી વિચાર કર્યો કે લઈ લઈએ, એ મનથી ચોરી કરી દીધી. એને પસ્તાવો થતો નથી, ગમે છે લઈ લેવાનું, ત્યારે મનથી ચોરી થઈ ગઈ. પછી બોલીએ કે, "આ પૈસાવાળાને તો લૂંટવા જોઈએ. અનીતિ કરાય, અપ્રમાણિકતા કરાય. બધા કરે છે. આપણે શું કામ ના કરીએ." એ વાણીથી ચોરી કર્યા બરાબર થઈ ગયું. અને ખરેખર ભેળસેળ કરીને છેતરે લોકોને એ વર્તનથી ચોરી કરી કહેવાય.

આ ભવમાં આપણને લક્ષ્મીની મુશ્કેલી કેમ પડે છે ? કારણ કે પૂર્વભવે મનથી, વાણીથી અથવા વર્તનથી ચોરીઓ કરી છે. દાદા કહે છે એક અવતાર નીતિ-પ્રમાણિકતા રાખો, ચોરી ના કરો, કોઈને છેતરો નહીં, વિશ્વાસઘાત ના કરો, તો આવતે ભવ સેફસાઈડ.



# આ તો નવી



**મહેનતથી કમાતા નથી. આ તો મોટા મનવાળા કમાય છે.**

**દા.ત :** જેનું મન મોટું હોય એ બીજાની ખુશી માટે પોતાની ખુશી છોડી દે. સામો એની સાથે ખોટું કરે તો પણ જ્યારે સામો મુશ્કેલીમાં મુકાય ત્યારે દિલથી મદદ કરે.




**લક્ષ્મીનો નિયમ શું છે ? જેટલું આપોને તેનાથી ત્રણ ગણું આવે પાછું.**



# જ વાત!



જેને ઈચ્છા જ ન હોય
લક્ષ્મીજીની (પૈસાની) એને
ઢગલેબંધ સામે ચાલીને આવે.



## પહેલા (લક્ષ્મી) આપો, પછી (લક્ષ્મી) આવે એવો નિયમ છે.

**દા.ત :** બંધ રૂમમાં ગરમી થતી હોય. બહાર પવન હોય. એટલે આપણે એક બારી ખોલીએ. પણ રૂમમાં ઠંડક પેસે જ નહીં. પછી, પાછલી બારી જરાક ખોલીએ એટલે ધસમસતો પવન અંદર આવે. જવાની જગ્યા કરી એટલે આવવાની શરુઆત થઈ.

# રહસ્યમયી સફર

(ગયા અંકમાં આપણે જોયું કે અંબામાના આશીર્વાદ લઈને નિસર્ગ આગળ વધ્યો. ત્યાં તો એને એક હીરા રત્નજડિત દરવાજો દેખાયો.)

હીરા રત્નજડિત દરવાજો જોતા જ નિસર્ગને મનમાં વિચાર આવ્યો, "ઓહોહો... કેટલાં કિંમતી રત્નો !! આમાંથી મને થોડા મળી જાય તો કેવી મજા પડે !"

નિસર્ગ વિચારોમાં ખોવાયેલો હતો. ત્યાં તો દરવાજો ખુલ્યો અને એક સોનપરીએ નિસર્ગને અંદર આવકાર્યો, "મનગમતાં વસ્ત્રો પસંદ કરી થઈ જાઓ તૈયાર, ઉતાવળ કરો, નહીં તો રહી જશો બહાર."

જે સામે જોયું એ જોઈને તો નિસર્ગની આંખો પહોળી જ રહી ગઈ. એકથી એક કિંમતી વસ્ત્રો હતા. એક જુએ ને બીજું ભૂલે !! એક સમયે તો નિસર્ગને એવું થયું કે એકની ઉપર એક એમ બે-ત્રણ વસ્ત્રો પહેરી લે. પણ નિયમ અનુસાર એ એક જ વસ્ત્ર પસંદ કરી શક્યો. સોનાના વસ્ત્રો પહેરીને એણે મનમાં વિચાર્યું, "આ વસ્ત્રો હું મારી સાથે ઘરે લઈ જઈશ. અને પછી હું પૈસાદાર બની જઈશ."

વધુ સારી વસ્તુઓ મેળવવાની આશાએ નિસર્ગ આગળ વધ્યો. ત્યાં એક રૂપેરી કૂવો દેખાયો. તેના પર રૂપેરી અક્ષરોમાં લખેલું હતું: "એક આપો, અનેક પામો."

વાંચીને નિસર્ગ વિચારવા લાગ્યો કે શું આપવાની વાત હશે ?? અને તેના બદલામાં શું મળશે ? કોને આપું ? આમ વિચારતાં વિચારતાં આગળ વધતાં નિસર્ગને ઠેસ વાગી અને એના ખિસ્સામાંથી એક સિક્કો ઉછળીને કૂવામાં પડ્યો.

નિસર્ગના આશ્ચર્ય વચ્ચે કૂવામાંથી ખનનન કરતાં દસ સોનાના સિક્કા બહાર આવ્યા.

"અચ્છા. 'એક આપો, અનેક પામો.'નો આ અર્થ હતો." નિસર્ગને સમજાયું. અને હજુ વધારે સિક્કા કેવી રીતે મેળવી શકાય તેનો વિચાર કરવા લાગ્યો. તેણે ખીસ્સામાં હાથ નાખી જોયું તો ખીસ્સામાં હજુ નવ સિક્કા હતા. તેને ખુશી થવાને બદલે એ વાતનું દુ:ખ થયું કે બસ આટલા જ સિક્કા તેની પાસે છે. નવનાં બદલે નેવું સિક્કા હોત તો !! છતાં તેણે દુ:ખી થઈને નવ સિક્કા કૂવામાં નાખ્યા અને કૂવાએ ઢગલેબંધ ચળકતાં સોનાના સિક્કા નિસર્ગને પાછા આપ્યા.

ત્યાં તો ફરી એક સોનપરી નિસર્ગની સામે આવી અને ખુશીથી બોલી, "ઓહોહો... હવે તો તું અમીર બની ગયો. આટલી બધી લક્ષ્મીનું તું શું કરીશ ?"

"મને એમ થયું કે હું મારા મિત્ર મનનને એના પૈસા પાછા આપું જે મેં થોડા મહિના પહેલા એની પાસેથી લીધા છે. પણ મને એવું લાગે છે કે મનન તો ખુદ કેટલો પૈસાદાર છે. અને એને તો મારી પાસે પૈસા માંગ્યા પણ નથી. તો હું શું કરવા એને પાછા આપું ?"

"તો તું એવું વિચારે છે કે તારે રૂપિયા પાછા નથી આપવા ?!! આવું વિચારવામાં જોખમ ઘણું છે !! પછી તારી ઈચ્છા." કહી સોનપરી ત્યાંથી ઉડી ગઈ.

નિસર્ગને સોનપરીની વાત ગમી નહીં. વધુ મેળવવાની લાલચે તેણે તેની પાસે રહેલા બધા જ સોનાના સિક્કા કૂવામાં ફેંક્યાં. અને રાહ જોવા લાગ્યો. થોડીવાર રાહ જોવા છતાં કૂવાએ કંઈ જ ન આપતાં તે રડવા લાગ્યો.

રડતાં રડતાં તેનું ધ્યાન તેના કપડાં પર ગયું. અને તેને બીજો આઘાત લાગ્યો.

"નહીં.... નહીં. મેં તો સોનાના કપડાં પસંદ કર્યા હતા !!" નિસર્ગ કપડાં કાઢવાનો પ્રયત્ન કરવાં લાગ્યો. નિસર્ગના સોનાના કપડાં સીધા સાદા કપડાંમાં ફેરવાઈ ગયા હતા.

જાણે બધું જ જતું રહ્યું હોય એવા આઘાતથી નિસર્ગ માથે હાથ મૂકીને બેસી ગયો.

ત્યાં તો ચારેબાજુ સોનેરી કિરણો ફેલાઈ ગયા અને તેજસ્વી સ્વરૂપ લક્ષ્મી માતા ત્યાં હાજર થયા.

લક્ષ્મી માતાનું રૂપ જોઈને બે મિનિટ માટે નિસર્ગ બધું જ ભૂલી ગયો અને એણે માતાને પ્રણામ કર્યા.

માતાએ આશીર્વાદ આપ્યાં અને ઉદાસીનું કારણ પૂછ્યું.

નિસર્ગે રડતાં રડતાં અત્યાર સુધી જે બની ગયું તેની વિગતવાર વાત કરી.

નિસર્ગની વાત સાંભળીને માતાને હસવું આવી ગયું. હસતાં હસતાં માતાએ પૂછ્યું: "જે મળ્યું તેનાથી તને સંતોષ હતો ?? તને જે મળ્યું તેનો ઉપયોગ તે સારા કામ માટે કરવાનું નક્કી કર્યુ હતું ??"



નિસર્ગ વિચારમાં પડી ગયો, “આ પહેલા તો મેં આ વિશે ક્યારેય વિચાર્યુ જ ન હતું. અત્યાર સુધી તો મેં ફક્ત મેળવવાના જ વિચાર કર્યા હતાં. મળ્યું તેના કરતાં હંમેશા વધુ મેળવવું હતું.” નિસર્ગે માથું હલાવીને ‘ના’ પાડી.

માતાએ આગળ પૂછ્યું, “શું તે અહીંના કાયદાઓનું પાલન કર્યું છે ? શું તારાથી મન-વચન-કાયાની ચોરી થઈ છે?”

નિસર્ગે તરત જવાબ આપ્યો, “ના, મેં કોઈ ચોરી નથી કરી !”

માતાએ પ્રેમથી કહ્યું, “ફક્ત કોઈની વસ્તુ લઈ લેવી એ જ ચોરી નથી. પણ મન અને વાણીથી પણ ચોરીઓ થાય છે. તું કોઈ વસ્તુ ભલે લે નહીં, પણ જો મનથી પણ વસ્તુ લઈ લેવાનો વિચાર કરે તો એ ચોરી જ કહેવાય. અને વસ્તુ લીધા વગર ફક્ત એવું બોલે કે લઈ લેવામાં વાંધો નથી, તો એ વાણીથી ચોરી કરી કહેવાય. શું તારાથી એવું થયું છે ?”

નિસર્ગે વિચાર કર્યો. એને યાદ આવ્યું કે એણે સોનાના વસ્ત્રો પોતાની સાથે લઈ જવાનો વિચાર કર્યો હતો. અને સોનપરી સાથેની વાતચીતમાં પોતાના મિત્ર મનન પાસેથી લીધેલા પૈસા પાછા ના આપવાની વાત કહી હતી. નિસર્ગને પોતાની ભૂલ સમજાઈ અને ભૂલનો પસ્તાવો પણ થયો.

માતાએ કહ્યું, “જો આવી ચોરીઓ થાય ત્યારે મને બહુ જ દુઃખ થાય અને મારું તેજ ઝાંખુ થવા લાગે. પણ તારા જેવાં બાળકોને જ્યારે તેમની ભૂલનો પસ્તાવો થાય ત્યારે મારું તેજ ફરી ફેલાવા લાગે. તને તારી ભૂલનોનો પસ્તાવો છે એટલે સામે દેખાય છે એ બધું તને મારા તરફથી ગિફ્ટ.”

નિસર્ગે સામે જોયું તો કીંમતી રત્નો અને આભૂષણો હતા. તેણે માત્ર એક હાર લીધો અને માતાને જણાવ્યું, ‘આ હાર હું મારી મોટી બહેનને આપીશ.’



'અને તું શું રાખીશ ?' માતાએ પૂછ્યું.

"મને આમાંથી ઘણું લઈ જવાની ઈચ્છા થાય છે. પરંતુ એવો વિચાર પણ આવે છે કે આ બધું તો થોડાં સમયમાં જ ખૂટી જશે. એના કરતા તો તમે જ મારી સાથે ચાલોને !!"

નિસર્ગની વાતથી માતા ખુશ થયા અને આશીર્વાદ આપ્યાં, "જો તું મારા કાયદાઓનું પાલન કરીશ તો હું હંમેશા તારી સાથે રહીશ."

માતાના આશીર્વાદ મેળવી નિસર્ગ ખુશ થઈ ગયો અને દીદીને હાર બતાવવા માટે દોડ્યો, ' દીદી, જુઓ. હું તમારા માટે શું લાવ્યો છું ! જલદી આવો.'

'નિસર્ગ, નિસર્ગ... શું થયું ? તું મારા માટે શું લાવ્યો છે ?'

'દીદી, દીદી... કહેતા નિસર્ગની આંખો અચાનક ખુલી ગઈ. તેણે જોયું તો સામે તેની મોટી બહેન ઊભી હતી અને તે પથારીમાં હતો.

"નિસર્ગ, જલદી તૈયાર થઈ જા. આજે આપણા ઘરે માતાજીની પૂજા છે. યાદ છે ને તને ?? પ્લીઝ દર વખતની જેમ આનાકાની ના કરીશ."

નિસર્ગને કશું સમજાઈ નહોતું રહ્યું, 'પહેલા જોયું એ સપનું હતું !! કે અત્યારે જોઉં છું એ સપનું છે ? 'નિસર્ગે આંખો ચોળી અને આજુબાજુ નજર ફેરવી. થોડી ક્ષણો પછી તેને સમજાયું કે ખરેખર તેણે સપનું જ જોયું હતું, "ભલે એ સપનું હતું. પણ આજે મને જે સમજણ મળી છે તે પ્રમાણે જીવન જીવીસ અને માતાજીને રાજી રાખીશ."

"નિસર્ગ દીદીને બૂમ પાડીને કહ્યું, 'દીદી, તમે તૈયારી શરૂ કરો. હું તૈયાર થઈને આવ્યો.'

દીદી નિસર્ગના શબ્દો આશ્ચર્ય સાથે સાંભળી રહી !!



# Fun Fair Detective Activity


આદિત્ય એના મિત્રો જીમ્મી, મોન્ટુ અને રિયા સાથે ફન ફેરમાં ગયો છે. ફન ફેરમાં બધા મિત્રો સાથે મળીને મજા કરી રહ્યા છે. પણ ક્યાંક ક્યાંક ચોરીઓ પણ થઈ રહી છે. તો, તમે તમારી ડિટેક્ટિવ હેટ પહેરીને ઓળખી પાડો કે મન-વચન-કાયાથી ચોરીઓ ક્યાં થઈ છે અને એ પિક્ચર પર સર્કલ કરો.






હું આજે બધી રાઈડમાં બેસીશ.
આ કોઈના પડી ગયા છે, એમેય એને મળશે નહીં અને ધૂળમાં રગદોળાશે, એના કરતાં હું લઈને વાપરું.
મોન્ટુ રાઈડમાં ગયો છે એટલી વારમાં હું એના પોપકોર્ન ખાઈ લઉં, પછી મારા ખાઈશ.
આટલી મોટી લાઈન છે ક્યારે વારો આવશે ?


# સાચું જ કહેતા હતા ડેડી...




પ્લેન ટેક ઓફની (ઉપડવાની) તૈયારીમાં હતું. મેં વિન્ડો સીટની બારીમાંથી બહાર નજર કરીને ભૂતકાળમાં ડોકિયું કર્યું.
દસ વર્ષ પહેલાની આ વાત છે. હું દસ વર્ષનો હતો. રોજની જેમ કાગળના પ્લેનથી રમી રહ્યો હતો.
ઝૂ.......મ....... ઝૂ.......મ.......
ભણવાના ટાઈમે મસ્તી કેમ કરે છે માર્ક ? નાતાલની રજાઓમાં આપણે સ્નો(બરફ) જોવા નથી જવું ?
યસ મમ્મા. આઈ કાન્ટ વેટ ફોર ઈટ. મને તો રોજ રાતના ડ્રીમમાં પણ સ્નો (બરફ) આવે છે.
ઓકે ઓકે... ડ્રીમની વાતો બંધ કર અને ભણવા બેસ.
પણ એક લાસ્ટ વાત કહી દઉં, મમ્મા ? મેં પિગિ બેંકમાં રિમોટ કંટ્રોલવાળું એરોપ્લેન ખરીદવા માટે પૈસા સેવા કર્યા છે.
મમ્મા, એક દિવસ એવો આવશે જયારે હું રિયલ એરોપ્લેનમાં બેસીને અમેરિકા જઈશ. ભણી-ગણીને ખૂબ પૈસા કમાઈશ અને પછી તમને બોલાવીશ.
ત્યાં તો ડેડી આવ્યા.



મારો દીકરો તો મોટી મોટી વાતો કરવા લાગ્યો છે ને ! એક ગ્લાસ પાણી લઈ આવીશ બેટા ?
હું કિચનમાં પાણી લેવા ગયો અને મમ્મીએ ડેડીને ધીમેથી પૂછ્યું.
શું થયું ? એની પોબ્લેમ એરન ?
આજે મિસ્ટર સ્મિથ શોપ પર આવ્યા હતા. એમની કન્ડિશન બહુ જ ખરાબ હતી, માર્થા. હી રિયલી નીડેડ મની.
ઓહ ! તો તમે એમને...
ત્યાં તો મને ત્યાં ઊભેલો જોઈ મમ્મી એમનું વાકય પૂરું ના કરી શકયા. ડેડીએ મને એમની પાસે પ્રેમથી બોલાવ્યો અને બેસાડયો.


માર્ક, મિસ્ટર સ્મિથ બહુ જ ઓલ્ડ છે. એમના દિકરાને બિઝનેસમાં બહુ મોટો લોસ થયો છે. આપણે વેકેશન પર સ્નો જોવા જવાને બદલે એ પૈસાથી મિસ્ટર સ્મિથને હેલ્પ કરીએ તો ?
હું નિરાશ થઈ ગયો. ડેડીએ સમજાવ્યું...
આપણને ફરવા જવાના બીજા બહુ બધા ચાન્સ મળશે. પણ મિસ્ટર સ્મિથને હેલ્પ કરવાનો તો આ એક જ ચાન્સ છે.
માર્ક, મિસ્ટર સ્મિથને હેલ્પ કરીને આપણે દુનિયા તો નથી બદલી લેવાના, પણ મિસ્ટર સ્મિથની દુનિયા તો ચોક્કસ બદલી શકીશું.
મારે વેકેશન પર તો જવું જ હતું. પણ મિસ્ટર સ્મિથને હેલ્પ કરવાનો ચાન્સ મીસ કરીને નહીં.
ઓકે ડેડી. પણ કદાચ આપણને નેક્સ્ટ ઈયર વેકેશન પર જઈ શકીશું ?
વી વિલ ટ્રાય અવર બેસ્ટ માર્ક.


મારી પાસે ડેડીને આપવા માટે કોઈ આન્સર નહોતો. મારો નિરાશ ચહેરો જોઈને ડેડી સમજી ગયા.
અમેરિકાની વર્જિનિયા ટેક યુનિવર્સિટીનો એરોનોટિકલ એન્જિનિયરિંગ પ્રોગ્રામનો એડમીશન લેટર મારા હાથમાં હતો. ડેડી રાજી થયા પણ સાથે-સાથે ચિંતાના વાદળ એમના ચહેરા પર છવાઈ ગયા.
ફીસની આટલી મોટી રકમની વ્યવસ્થા કેવી રીતે થશે ?
અચાનક તે રાત્રે...
અંકલ, આ કોઈ હેલ્પ નથી. મારા જે ડૂબતા બિઝનેસને તમે બચાવ્યો હતો તે જ બિઝનેસમાં જબરદસ્ત પ્રોફિટ થયો છે. તમારો જ હિસ્સો તમને ચૂકવી રહ્યો છું.
અને ફીસ, એર ટિકિટ બધાની વ્યવસ્થા થઈ ગઈ. રમકડાનું એરોપ્લેન ખરીદવા માટે પિગિ બેંકમાં સેવ કરેલા પૈસા, બીજાને હેલ્પ કરવા માટે વાપરી, આજે હું એ જ પૈસામાંથી એરોપ્લેનમાં બેસીને એરોપ્લેન એન્જિનિયરિંગ ભણવા જઈ રહ્યો છું.
સાચું જ કહેતા હતા ડેડી, બીજાને મદદ કરીને આપણે પોતાની જ મદદ કરીએ છીએ. જેટલું બીજાને આપીએ એનાથી કેટલાય ગણું વધારે આપણને પાછું મળે.

# મીઠી યાદેં...

૧૯૮૭ની આ વાત છે. અમેરિકાથી પાછા આવ્યા પછી નીરુમા દાદા સાથે બોમ્બેથી બરોડા જઈ રહ્યા હતા. આ દાદાની અંતિમ મુસાફરી હતી. આ મુસાફરીના અઢી મહિના પછી દાદાશ્રીનો દેહવિલય થઈ ગયો હતો. દાદાશ્રીના પૈસા અને ખર્ચાનો હિસાબ નીરુમા રાખતા હતા. નીરુમા બધું પ્રોપર્લી લખી રાખે અને દર ૩-૪ મહીને દાદાને ખર્ચા સાથે બધો હિસાબ દેખાડી દે. બોમ્બેથી બરોડાની મુસાફરીમાં નીરુમાએ દાદાને પ્લેન ટ્રાવેલના ટિકિટના ખર્ચા વગેરે દેખાડ્યા. દાદાએ બધું જોયું. પછી નીરુમાને કહ્યું, "નીરુબેન, આ ખર્ચામાં મારી ટિકિટના પૈસા લખ્યા છે. પણ તમારા કેમ નથી લખ્યા ? તમે મારા પૈસામાંથી તમારી ટિકિટનો ખર્ચો કાઢો એમાં શું વાંધો ?"

નીરુમાએ તરત જવાબ આપ્યો, "તમે ક્યાં ક્યારેય મારા(પૈસા) લીધા છે, દાદા ?"

દાદાએ પ્રેમથી કહ્યું, "છોડીઓના તો લેવાતા હશે ! ના લેવાય."

"દાદા, તમારી પાસેથી તો અમે શીખ્યા છીએ. તમે જ શીખવાડ્યું છેને, પ્યોરિટીથી રહેજો. સહુ સહુનું, પોતાનું તો પોતે જ ખર્ચવું જોઈએ, બીજાનું ના લેવાય. દાદા આપે જ શીખવાડ્યું છે પ્યોરિટીથી જીવવાનું. પછી મારાથી કેવી રીતે લેવાય !" નીરુમાએ દાદાને કહ્યું.

"દાદા ખૂબ રાજી થયા અને બોલ્યા, "બરાબર છે. ના લેશો. પ્યોરિટી બરાબર શીખ્યા તમે !"



# THE Little Chef

# Oreo Balls



## જરૂરી વસ્તુઓ:

૧. ઓરીયો બિસ્કીટ - ૧૦ નંગ
૨. દૂધ - ૨ ચમચી
૩. ચોકલેટ સિરપ
૪. ડ્રાયફ્રુટ્સનો ભૂક્કો

## બનાવવાની રીત:



ઓરીયો બિસ્કીટમાંથી ક્રિમ કાઢી અલગ રાખવું.



ઓરીયો બિસ્કીટનો ભૂક્કો કરી દૂધ ઉમેરી બોલ્સ બને તેવું મિશ્રણ રેડી કરવુ.



તૈયાર મિશ્રણના એક સરખા ૮ ભાગ કરવા અને અલગ કાઢેલા ક્રિમના ૮ બોલ્સ બનાવવા.



ઓરીયો બિસ્કીટના ૧ ભાગને હથેડીમાં લઈ થેપી તેમાં ક્રિમનો ૧ બોલ મુકી લાડુની જેમ વાળવુ.



બધા બોલ્સ આ રીતે રેડી કરી ચોકલેટ સિરપમાં ડીપ કરી પ્લેટમાં મુકી ડ્રાયફ્રુટ્સના ભૂક્કાથી ડેકોરેટ કરવા.

**દિવાળીમાં લક્ષ્મીમાતાના પૂજન માટે આ Sweet જરૂર બનાવજો.**

# ધન તેરસની સવારે...



દિવાળીમાં રેયાંશ, રીદય અને અનન્યા, ત્રણેવ કઝીન્સ એમના મોટા પપ્પાને ત્યાં ભેગા થયા છે. રેયાંશ અને રીદય અનન્યા સાથે અલગ અલગ વાતોમાં કાયમ કોમ્પિટિશન કરે અને દર વખતે હારી જાય. ચાલો જોઈએ, ધનતેરસના દિવસે સવારે ૭:૩૦ વાગ્યે ત્રણેવ વચ્ચે શેની હરીફાઈ જામી છે ?!





અનન્યા, ચલને આપણે ભીત ભડાકા ફોડવા જોઈએ. આજે તો તને હરાવી દઈએ !

તમે જાઓ. હું તો પૂજા કરીને દેવ-દેવીઓ, લક્ષ્મી મા, સરસ્વતી મા, ગૌતમ સ્વામી, સીમંધર સ્વામી અને દાદા ભગવાનના આશીર્વાદ લઈશ.





આટલા બધા ભગવાનના આશીર્વાદ લેવાથી શું થશે ? તારા ભીત ભડાકા વધારે સારી રીતે ફૂટશે ?

અરે, તમને શું ખબર નથી કે આપણા વડીલો ધનતેરસના દિવસે લક્ષ્મીજીની પૂજા કરીને બિઝનેસ શરૂ કરે છે ?





એ તો ખબર છે. લક્ષ્મી માના આશીર્વાદથી બહુ બધા પૈસા આવે. આજે તો હું પણ એમની પાસે બહુ બધા પૈસા માંગીશ.

લક્ષ્મી મા પાસે નીતિ અને પ્રમાણિકતા માંગવી જોઈએ. જો ઓનેસ્ટ રહીએ તો પૈસા તો બાય-પ્રોડક્શનમાં મળે !





બાય-પ્રોડક્શનમાં એટલે ?



જો તું નક્કી કરીને કે તારે મન-વચન-કાયાથી ચોરી નથી કરવી અને કોઈને દુઃખ નથી આપવું તો એ તારું મેન-પ્રોડક્શન કહેવાય. આવું કરવાથી લક્ષ્મીજી રાજી થાય અને તને એમ ને એમ બાય-પ્રોડક્શનમાં લક્ષ્મી(પૈસા) મળ્યા કરે.



હું તો એમેય ક્યારેય ચોરી નથી કરતો.



ભલે તું ફટાકડા ચોરી કરીને ફોડે નહીં પણ મનમાં વિચારે, "આની પાસે કેટલા બધા ફટાકડા છે, હું થોડા એના ફોડી લઉં. પછી મારા ફોડીશ." તો એને પણ ચારી કહેવાય.



ઓહ, એમ ? હવે તો હું ધનતેરસના દિવસે જ નહીં દરરોજ પૂજા કરીશ અને લક્ષ્મી મા પાસે પ્રામાણિક રહેવાની શક્તિ માંગીશ.

**તો મિત્રો, રીદય, રેયાંશ અને અનન્યા રોજ લક્ષ્મીજીને પ્રેયર કરશે. જો તમે ધનતેરસના દિવસે પૂજા કરવાનું ચૂકી ગયા હો, તો આજથી લક્ષ્મીજી રાજી રહે એવું કરશો ને ?**



Akram Express
October 2021
Year : 14, Issue : 2
Conti. Issue No.: 158

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2021-2023
valid upto 31.12.2023
Licensed to Post Without Pre-payment No.
PMG/NG/040/2021-2023
valid upto 31.12.2023
Posted at Adalaj Post Office on 08th of every month

# અને છેલ્લે છેલ્લે...

લીલી નામની એક ગરીબ સ્ત્રીએ વ્યાજે પૈસા લઈને જાત જાતના ફળોની લારી કરી. તે વખતે એના ગામના સ્વામીનારાયણ મંદિરનો પ્રતિષ્ઠા પ્રસંગ હતો. લીલીએ વિચાર્યું હતું કે આ અવસરે સારું કમાઈ લેવાશે. બે કલાક ધંધો સારો ચાલ્યો. અને પછી, લારી-ગલ્લા હટાવવા પોલીસ આવી. સેવકો પણ ત્યાં આવી પહોંચ્યા. લીલીએ ત્યાંથી હટવાનો ઈનકાર કર્યો. જ્યારે સેવકોએ હાથ જોડીને લીલીને વિનંતી કરી ત્યારે એણે રૂપિયાથી ભરેલું પાકીટ બતાવ્યું. પાકીટમાં પૂરા સાત હજાર રૂપિયા હતા.

લીલીએ જણાવ્યું, “ભાઈઓ, કોઈ ગોરી વિદેશી બાઈએ મારી લારીમાંથી પચાસ રૂપિયાના ફળો ખરીદ્યા છે અને એ બાઈ તેનું આ પાકીટ લારીમાં જ ભૂલીને ચાલી ગઈ છે. હવે જો હું અહીંથી મારી લારી ખસેડી દઉં તો તેનું પાકીટ શોધતી તે જ્યારે અહીં આવશે, ત્યારે હું તેને મળી શકીશ નહીં. તો એ બિચારીનું શું થશે ? માટે એ આવીને એનું પાકીટ લઈ ના જાય ત્યાં સુધી મને અહીં રહેવા દો.”

ગરીબ બેનની પણ કેવી ગજબની પ્રામાણિકતા ! પૈસાની જરૂર હોવા છતાંય ન તો એણે બીજાના પૈસા રાખી લીધા અને ના એ પૈસા રાખવાનો વિચાર કર્યો ! લક્ષ્મીમા આવા લોકો પર અવશ્ય મહેરબાન થાય ! જ્યારે આ વાત પ્રમુખસ્વામી મહારાજ પાસે પહોંચી ત્યારે મહારાજે પ્રસન્ન થઈને લીલીને બે હજાર રૂપિયા પુરસ્કારરૂપે આપ્યા.




અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના
૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. AGIT૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.
અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.
૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો WhatsApp કરવો.
૧) કાચી પાવતી નંબર અથવા ID No.,૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મેગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - B-99 GIDC, Sector - 25 ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.